## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની
## શિક્ષક વિભાગની સેનેટની પેટા ચૂંટણી અંગેનો કાર્યક્રમ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની શિક્ષક મતદાર વિભાગની ખાલી પડેલ સેનેટની પેટા ચૂંટણી તા.05/05/2016ના રોજ ગુરુવારે રાખવામાં આવેલ જેની મુદત તા.21-10-2017 સુધીની રહેશે. જેમાં ઉમેદવારી પત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ 31/03/2016 સાંજના 4-00 વાગ્યા સુધી છે, ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ 01/04/2016ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધી છે ઉમેદવારી પત્રકો તારીખ 02/04/2016ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધીમાં પાછા ખેંચી શકશે. શિક્ષક મતદાર વિભાગની ખાલી પડેલ પેટા ચૂંટણી જાહેરાતની વિગતવાર માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.ayurveduniversity.edu.in ઉપર ઉપલબ્ધ છે તેમજ સર્વે સંલગ્ન આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીને પાઠવવામાં આવી છે.જેની સંબંધિતોએ નોંધ લેવી

તા. 24-02-2016

માહિતી/જામનગર/ કુલસચિવ

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
# જામનગર.

## શિક્ષક વિભાગમાંથી ખાલી પડેલ સેનેટની પેટા ચૂંટણી અંગેની જાહેરાત

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ધારાની કલમ–૧૫(૧) વર્ગ–૨(એ)(i) અન્વયે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની ખાલી પડેલ જગ્યા ઉપર સેનેટની સંલગ્ન કોલેજોના શિક્ષક વિભાગ (આચાર્ય સિવાય)ની એક જગ્યા માટેની પેટા ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે, જેની મુદત તા.૨૧–૧૦–૨૦૧૭ સુધીની રહેશે.

| અનુ. નં. | મતદાર વિભાગ | જગ્યાઓ | ઉમેદવારી પત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ તથા સમય | ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની તારીખ તથા સમય | ચૂંટણીની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સંલગ્ન કોલેજોના શિક્ષકોનો મતદાર વિભાગ (આચાર્ય સિવાય) (Teachers' Constituency) | ૧ | ૩૧–૦૩–૨૦૧૬ સાંજના ૪–૦૦ વાગ્યા સુધી | ૦૧–૦૪–૨૦૧૬ સાંજના ૪–૦૦ વાગ્યે | ૦૨–૦૪–૨૦૧૬ સાંજના ૪–૦૦ વાગ્યા સુધી | ૦૫–૦૫–૨૦૧૬ |

૨. આ જગ્યા ઉપર જેઓના નામ સંબંધિત મતદાર વિભાગની મતદાર યાદીમાં હશે, તેઓ ઉમેદવારી કરી શકશે.

૩. ઉમેદવારી પત્રક નિયત કરેલા ફોર્મમાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવાર તેમજ બે મતદારો કે જેમને મત આપવાનો અધિકાર છે, તેમની સહી, તેમના પુરાં નામ, જો કોઈ પદવી હોય તો પદવી, તેમના પુરા સરનામા અને હોદા હોવા જોઈએ.

૪. ઉમેદવારી પત્રક પર પોતાની સંમતિ દર્શાવ્યા વગર કોઈપણ મતદાર ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહિં.

૫. ઉમેદવારી પત્રક કોઈપણ મતદારને લેખિત માંગણી કર્યેથી યુનિવર્સિટી સેનેટ/સિન્ડિકેટ શાખામાંથી કાર્યાલયમાંથી વિનામુલ્યે મળી શકશે.

૬. ઉમેદવારી પત્રકોની ચકાસણી વખતે ઉમેદવારો પોતે અગર તો તેમણે આ સંબંધમાં જેને લેખીત અધિકાર આપ્યો હોય તેવી વ્યકિતઓ હાજર રહી શકશે.

૭. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની ધારાની કલમ–૪૮ અનુસાર ઉપર્યુકત પેટા ચૂંટણી **"Proportional representation by means of a single transferable vote by ballot"** ની પધ્ધતિ અનુસાર મતદાનથી કરવામાં આવશે અને આ મત પધ્ધતિ અનુસાર

(૧) પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય **(Transferable)** મત આપવાનો અધિકાર રહેશે.

(૨) : અ : જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રમાં મતદારે ૧ દર્શાવવો આવશ્યક છે અને

: બ : વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોની સામે ૨,૩,૪,૫ અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકશે.

૮. ચૂંટણીમાં હરીફાઈ થશે તો હરીફ ઉમેદવારો અંગેની માહિતી મતદારોને ઉમેદવારી પત્રકોની ચકાસણી પછી બનતી ત્વરાએ મોકલવામાં આવશે.

૯) મતદાનની પ્રક્રિયા સ્ટેચ્યુટ–૧૨૧ થી ૧૨૩ મુજબ કરવામાં આવશે.

જામનગર.
તા. ૨૪–૦૨–૨૦૧૬

(આર.એમ. ઝાલા)
કુલસચિવશ્રી

નં.આયુ/યુનિ–૫/એસઈ–૧૩/૨૦૧૫–૨૦૧૬/ તા.૨૪–૦૨–૨૦૧૬

પ્રતિ,
સર્વે શિક્ષક મતદાર વિભાગના મતદારો તરફ.....